# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૪ તા.૧૬-૦૩-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત પરીક્ષા અને સમાન સમયપત્રક બાબત.**

**સંદર્ભ:- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૪/૩૫૧૪-૩૬૯૫ તા.૦૧-૦૨-૨૦૨૪**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૦૪-૦૪-૨૦૨૪ થી તા.૨૩-૦૪-૨૦૨૪ દરમ્યાન આ સાથે સામેલ સંદર્ભિત પત્રના પરિશિષ્ટ-અ મુજબ યોજવામાં આવશે. જે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રના સૂચનોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

- ધો.૪ અંગ્રેજી દ્વિતીય ભાષા માટે સમગ્ર વર્ષનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
- ધો.૩ થી ૮ની દ્વિતીય સત્રાંત પરીક્ષા માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજયકક્ષાએ તૈયાર કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ શહેર દ્વારા પ્રશ્નપત્રો તૈયાર કરેલ છે.
- ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ દ્વિતીય સત્રના અભ્યાસક્રમ મુજબ તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.
- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- શાળામાં કોઈપણ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે વાલીશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીની ૧૦૦% હાજરી રહે તે માટે શાળાઓએ પ્રયત્ન કરવા.
- ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ અને ૪ તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.
- **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષામાં **નકશો** અને **ગણિત વિષયમાં આલેખપત્ર સ્કૂલ બોર્ડ દ્વારા પ્રશ્નપત્રની સાથે** જ ઉપલબ્ધ કરાવેલ છે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.

- બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- **શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા આ સાથે સામેલ સંદર્ભિત પત્રના પરિશિષ્ટ-અ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા તેમજ વિદ્યાર્થીના વાલી તેમજ એસ.એમ.સી.ના સભ્યોને સમયપત્રકની જાણ કરવાની રહેશે.**
- પરીક્ષાખંડમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓ પાસ પાસે ન આવે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે એટલે કે એક જ ધોરણના વિદ્યાર્થીઓને એક બ્લોકમાં ગોઠવવા નહીં.
- **પ્રશ્નપત્રોના કસ્ટોડીયન તરીકે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ અત્યંત કાળજી લેવી કે જેથી જે-તે દિવસે અને સમયે જે-તે ધોરણ અને વિષયનું જ પ્રશ્નપત્રનું પેકેટ ખોલવાનું રહેશે.**
- ખાસ તાકીદ કરીને જણાવવામાં આવે છે કે દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૨૪ના પરીક્ષાના સમયપત્રક અનુસાર જ પ્રશ્નપત્રો ધોરણ અને વિષયવાર(માધ્યમ મુજબ) સદરહુ પ્રશ્નપત્ર મુખ્ય શિક્ષકે બે શિક્ષકમિત્રોની હાજરીમાં ખોલવાના રહેશે. તે બાબતની સાબિતીરૂપેના દસ્તાવેજ માટે ડોક્યુમેન્ટ્રી ઉતારવાની રહેશે. આમ કરવામાં ચૂક કરનાર જે-તે મુખ્ય શિક્ષક સામે પરીક્ષાની ગોપનિયતા ભંગ બદલ સેવા શિસ્તના કડકમાં કડક પગલાં લેવામાં આવશે.
- પરીક્ષા સંબંધિત કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય કે પેપર સંબંધિત કોઈ ભૂલ જણાય તો તાકીદે જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા ઉભા કરાયેલ કંટ્રોલરૂમનો(જે-તે ઝોન ઓફિસ)સંપર્ક કરવાનો રહેશે. આ અંગે મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા આપેલ સૂચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**અગત્યની નોંધ :-**

**તા.૨૯-૦૩-૨૦૨૪ ગુડફ્રાઈડે, તા.૧૦-૦૪-૨૦૨૪ ગુડી પડવો તથા ચેટીચાંદ,તા.૧૧-૦૪-૨૦૨૪ રમઝાન ઈદની રજા રહેશે. જેની નોંધ લેવી.**

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૩-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2024/ 3514 - 3615
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧ ૨, ગાંધીનગર.
નિયામક : (079) 23256808
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 01/ 02/ 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત પરીક્ષા અને સમાન સમયપત્રક અંગે તાબા હેઠળની પ્રાથમિક શાળાઓને જાણ કરવા બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણવિભાગના સુધારા ઠરાવક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૦૯/૦૯/૨૦૨૨

(૨) શિક્ષણવિભાગ પરિપત્ર ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૨૩/સીં.ફા.-૦૧/ક તા.૨૩/૦૨/૨૩

(3) જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૩/૬૫૬૨-૬૬૬૭ તા. ૦૭/03/૨૦૨૩

(૪) તા.૨૨/૦૬/૨૦૨૩ની (પ્રાથમિક સંઘોના સભ્યો સાથે કરેલ) બેઠકની મિનિટ્સ

(૫) તા.૦૧/૦૭/૨૦૨૩ ની સિંગલ નોંધ પર સરકારશ્રીના મળેલ આદેશાનુસાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ **દ્વિતીય સત્રાંત પરીક્ષા તા. ૦૪/૦૪/૨૦૨૪ થી ૨૩/૦૪/૨૦૨૪** દરમિયાન યોજવાની રહેશે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક આ સાથે **(પરિશિષ્ટ- અ)** સામેલ છે. સદર પરીક્ષા માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે અને તે મુજબ સંબંધિત જિલ્લા/કોર્પોરેશન/નગરપાલિકા શિક્ષણ સમિતિઓ દ્વારા કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1) ધોરણ ૩ થી ૮ની દ્વિતીય સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવશે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટીપત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને સોંપવામાં આવશે.
2) સદર કસોટીપત્રો તૈયાર કરવા માટે ધોરણ ૩ થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર દ્વિતીયસત્રનો ડિસેમ્બર-૨૦૨૩ થી માર્ચ-

૨૦૨૪ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. ધોરણ-૪ અંગ્રેજી દ્વિતીય ભાષામાં સમગ્ર વર્ષનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.

3) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટીપત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા (પરિરૂપ) મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે તેમજ સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખા (પરિરૂપ)ના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે.
4) સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે.
5) ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે.
6) સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને નિયત કરેલ રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે.
7) જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.
8) પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલ હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે.
9) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તૈયાર કરવામાં આવેલ કસોટીપત્રોના છાપકામ, પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.
10) ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે.
11) સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.
12) સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે-તે શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે.
13) કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે. તે અનુસાર સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

14) સદર પરીક્ષાના સુચારુ અમલીકરણ માટે પરીક્ષા દરમિયાન મોનીટરીંગ સ્ટાફ( CRC-BRC કો-ઓર્ડિનેટર, BRP, કેળવણી નિરીક્ષક, TPEO, SSA જિલ્લા કો-ઓર્ડિનેટર, DIET લેક્ચરર વગેરે) દ્વારા સઘન મોનીટરીંગ કરાવવાનું રહેશે.

15) સંદર્ભપત્ર-૨ અન્વયે દરેક સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમઃ GH/SH/83/PRE/122019 નો અમલ ફરજિયાત રીતે કરવાનો રહેશે અને તે મુજબ ધોરણ-૫ અને ધોરણ-૮ના બાળકોને પરીક્ષાના અંતે ઉપલા ધોરણમાં લઈ જવા અંગે કાર્યવાહી કરવાની રહેશે, જેનું દરેક શાળાએ ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

16) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રવર્તમાન માળખા મુજબ ધોરણ ૫ અને ધોરણ-૮માં E ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓનું બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળા કક્ષાએ પુનઃ કસોટી યોજવાની રહેશે. પુનઃકસોટીમાં જે વિદ્યાર્થીઓ પોતાના ગ્રેડમાં અપેક્ષિત સુધારો કરી શકે તે વિદ્યાર્થીઓને જ વર્ગબઢતી આપવાની રહેશે. ધોરણ- ૫ અને ધોરણ-૮ સિવાયના અન્ય ધોરણમાં વિદ્યાર્થીને રોકી શકાશે નહિ.

17) પરીક્ષા અંગેની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતાની ગંભીર તકેદારી રાખવાની રહેશે.

(પી.કે.ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

(ડૉ. એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

બિડાણઃ પરિશિષ્ટ-અ (ધોરણ ૩ થી ૮ દ્વિતીયસત્રાંત પરીક્ષા સમયપત્રકઃ ૨૦૨૩-૨૪)

નકલ સવિનય રવાનાઃ

- અંગત સચિવશ્રી , માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

પરિશિષ્ટ- અ

## દ્વિતીય સત્રાંત પરીક્ષા સમયપત્રક- ૨૦૨૩-૨૪ (ધોરણ ૩ થી ૮)

| દિવસ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૪/૦૪/૨૦૨૪ | ગુરૂવાર | ૩ થી ૫ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨ | ૦૫/૦૪/૨૦૨૪ | શુક્રવાર | ૩ થી ૫ | ગણિત | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૩ | ૦૬/૦૪/૨૦૨૪ | શનિવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૪ | ૦૮/૦૪/૨૦૨૪ | સોમવાર | ૩ થી ૫<br>૪ થી ૫ | હિન્દી (પ્રથમભાષા)<br>હિન્દી (દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૫ | ૦૯/૦૪/૨૦૨૪ | મંગળવાર | ૩ થી ૫<br>૪ થી ૫ | અંગ્રેજી (પ્રથમભાષા)<br>અંગ્રેજી (દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૬ | ૧૨/૦૪/૨૦૨૪ | શુક્રવાર | ૩ થી ૫ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૭ | ૧૩/૦૪/૨૦૨૪ | શનિવાર | ૬ થી ૮ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૮ | ૧૫/૦૪/૨૦૨૪ | સોમવાર | ૬ થી ૮ | ગણિત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૯ | ૧૬/૦૪/૨૦૨૪ | મંગળવાર | ૬ થી ૮ | હિન્દી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૦ | ૧૮/૦૪/૨૦૨૪ | ગુરૂવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૧ | ૧૯/૦૪/૨૦૨૪ | શુક્રવાર | ૬ થી ૮ | અંગ્રેજી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૨ | ૨૦/૦૪/૨૦૨૪ | શનિવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૩ | ૨૨/૦૪/૨૦૨૪ | સોમવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૪ | ૨૩/૦૪/૨૦૨૪ | મંગળવાર | ૬ થી ૮ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |